જામનગર મહાનગરપાલિકા

જામનગર

:: જાહેરનામું ::

તા. ૧૩/૦૬/૨૦૧૯.

હું સતીશ એ. પટેલ (IAS), મ્યુનિસીપલ કમિશ્નર, જામનગર મ્યુનિસીપલ કોર્પોરેશન, જામનગરને ધી. જી.પી.એમસી. એકટ–૧૯૪૯ હેઠળ પ્રાપ્ત થયેલ સતા અન્વયે આથી સબંધકર્તા સર્વેને આ જાહેર નોટીસથી જણાવું છું કે,

જામનગર શહેરમાં નદી–નાળા–તળાવ, વોંકળા, ખુલ્લા મેદાનો, રસ્તાઓ ઉપર ચોકકસ પ્રકારના પ્લાસ્ટિકના કચરાએ પડકાર રૂપ સામ્રાજય ફેલાવ્યુ છે. ઝાડ–પાન કે વનસ્પતિના સુકા ભીના કચરા સાથે આ પ્લાસ્ટિકને સામાન્ય લોકો બાળીને હવામાં પ્રદૂષણ કરી રહયા છે. પ્લાસ્ટિકના અમર્યાદિત ઉપયોગથી મુખ્યત્વે નીચેની સમસ્યાઓ ઉભદવે છે.

(૧) સુક્ષ્મ જૈવિકોના પ્રયોગથી પ્લાસ્ટિકનું વિઘટન થઈ શકતું નથી. અર્થાત પ્લાસ્ટિક બાયો ડીગ્રેડેબલ નથી.

(૨) પ્લાસ્ટિકથી અસર થયેલ પર્યાવરણને મુળ સ્થિતિમાં લાવી ન શકાય તેવી હાનિ કરે છે.

(૩) ભુપૃષ્ઠની સપાટી પરના જળસ્ત્રોતોમાં પ્રકાર તથા હવાની અવર–જવરમાં અવરોધરૂપ બને છે.

(૪) મહાનગરપાલિકાની ગટર કે વરસાદી નાળાઓમાં વહેતા પ્રવાહનો માર્ગ રોકી લે છે.

(૫) મહાનગરપાલિકાના ગંદાપાણીના શુધ્ધિકરણ પ્લાન્ટના સળિયાવાળા જાળીઓનો માર્ગ અવરોધ કરે છે.

(૬) પ્લાસ્ટિક બાળવાથી હવા પ્રદૂષિત થાય છે અને દુર્ગંધ ફેલાય છે. તેમજ ડાયોકિસન અને ફયુરોન નામના સ્વાસ્થ્યને હાનિ કરતા ઝેરી વાયુઓ વાતાવરણમાં ભળે છે. આ વાયુઓ શ્વાસમાં જવાથી આરોગ્યને નુકશાન કરે છે.

(૭) જુદા જુદા ખેતી કામોમાં અવરોધ બને છે તથા ભુગર્ભના જળ સ્ત્રોત નવપલ્લિત કરવામાં બાધારૂપ થાય છે.

(૮) પ્લાસ્ટિકનો કચરો અરૂચિ પેદા કરે તેવું દેખિતું પ્રદૂષણ છે.

(૯) રંગીન પ્લાસ્ટિક થેલીઓમાં લપેટેલા ખાદ્ય પદાર્થો સ્વાસ્થ્યને હાનિ કરે છે.

(૧૦) ખાદ્ય પદાર્થો વાળી પ્લાસ્ટિકની થેલીઓ આરોગવાથી ગાય તથા અન્ય પશુઓના મોત થયાના ઘણા કિસ્સાઓ બનવા પામેલ છે.

(૧૧) સીંગલ યુઝ પ્લાસ્ટિક (એક વખત વપરાશી પ્લાસ્ટિક) ના કારણે પ્લાસ્ટિક વેસ્ટ જથ્થો વધે છે. તેમજ તેની પ્રક્રિયા કરી નિકાલ કરવો જટીલ બને છે. જેના કારણે પર્યાવરણને નુકશાન થાય છે.

ભારત સરકાર તથા ગુજરાત સરકાર ધ્વારા વર્ષ–૨૦૨૨ સુધીમાં સીંગલ યુઝ પ્લાસ્ટિક (એક વખત વપરાશ થતા પ્લાસ્ટિક) મુકત કરવાની સુચના મુજબ કાર્યવાહી કરવા ભારત સરકારના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયના પત્રના અનુસંધાને નીચે મુજબના Single Use Plastic (એક વખત વપરાશી પ્લાસ્ટિક) નો ઉપયોગ અટકાવવો જરૂરી જણાય છે.

(૧) સર્વે પ્રકારની પ્લાસ્ટિકની કેરી બેગ્સ (Carry Bags)

(૨) પ્લાસ્ટિકના ફુલો અને ફુલદાનીઓ

(૩) ખાણીપીણીમાં વપરાતા પ્લાસ્ટિક/થર્મોકોલના થાળી, વાટકા, ચમચી, ગ્લાસ, કપ વિગેરે

(૪) પ્લાસ્ટિકની પાણી તથા ઠંડાપીણાની બોટલો (૨૦૦ એમ.એલ.) સુધી (Packaged Drinking water)

(૫) પ્લાસ્ટિકના ઝંડા (Flags)

(૬) પ્લાસ્ટિકના ફોલ્ડર્સ (Folder)

(૭) પેકીંગ માટે વપરાશ થતું પ્લાસ્ટિક / થર્મોસેટ પ્લાસ્ટિક મટીરીયલ્સ

આવી પ્રવૃતિઓ અટકાવવાના હેતુસર ધી. ગુજરાત પ્રોવિન્શીયલ મ્યુનિસીપલ કોર્પોરેશન એકટ–૧૯૪૯ ની કલમ ૩૭૬/એ હેઠળ અમોને મળેલ સતાની રૂએ હું સતીશ એ. પટેલ, મ્યુનિસીપલ કમિશ્નર–જામનગર જણાવું છું કે જામનગર શહેરની તમામ સરકારી કચેરીઓમાં, સરકારી કાર્યક્રમોમાં, તમામ સહકારી (Co-operative) તથા ખાનગી સંસ્થાઓમાં, તમામ કોમર્શિયલ એરીયામાં, સામાજીક પ્રવૃતિઓમાં, કેટરીંગ સર્વિસમાં, તમામ વોર્ડમાં આવેલ જાહેર જગ્યાઓ તથા વિસ્તારોમાં ઉપર મુજબના જણાવેલ Single Use Plastic (એક વખત વપરાશી પ્લાસ્ટિક) ના ઉપયોગ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર સામે ઉપરોકત કાયદાની કલમ–૩૭૬/એ હેઠળ તેમજ અન્ય જોગવાઈઓ હેઠળ જાહેર ન્યુસન્સ ઉભુ કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

13/6/19

કમિશ્નર

જામનગર મહાનગરપાલિકા

નં.જેએમસી/સો.વે./૩૮/સીંગલ યુઝ પ્લાસ્ટિક/૩૭૩/૨૦૧૯–૨૦. તા. ૧૪/૦૬/૨૦૧૯.

E:\Public Notice\Public Notice_2019.doc

Scanned by CamScanner